પ્રાકૃતિક કૃષિ થકી, આત્મનિર્ભર ગુજરાત થી આત્મનિર્ભર ભારત....



# કેલેન્ડર - ૨૦૨૪

કૃષિ વિસ્તરણ પ્રકાશન શ્રેણી : ૩-૧-૬૦ નકલ ૫૦૦ કિંમતઃ વિનામૂલ્યે

**પ્રાકૃતિક એટલે શું ?**

પ્રાકૃતિક એટલે સરળ ભાષામાં કહીએ તો કુદરતી રીતે, પર્યાવરણને સાથે રાખીને ચાલતા માનવીના સંબંધને પ્રાકૃતિક તરીકે ઓળખવામાં આવે છે.

**પ્રાકૃતિક કૃષિ એટલે શું ?**

પ્રાકૃતિક કૃષિ એટલે ખેતીની એવી પધ્ધતિ કે જેમાં કોઈ જાતના રસાયણનો ઉપયોગ કર્યા વગર, કુદરતી સંપતિને નુકશાન ન થાય એ બાબતને ધ્યાને રાખીને દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી કરવામાં આવતી ખેતી પધ્ધતિને પ્રાકૃતિક કૃષિ તરીકે ઓળખવામાં આવે છે.

**પ્રાકૃતિક કૃષિના મુખ્ય ચાર આધાર સ્તંભ :**

૧. બીજામૃત
૨. જીવામૃત + ઘન જીવામૃત
૩. આચ્છાદન
૪. વાફસા (ભેજ)

**પ્રાકૃતિક કૃષિના મુખ્ય લાભ :**

૧. દેશી ગાય આધારીત ખેતી પધ્ધતિ છે જેમાં ખેતી પાકો માટે જરૂરી બધા જ પોષક તત્વોની જરૂરીયાત પુરી પડી જાય છે.
૨. જમીનની ફળદ્રુપતા, ભેજ સંગ્રહ શક્તિ અને ઉત્પાદન ક્ષમતામાં વધારો
૩. નહિવત ખેતી ખર્ચ, વધારે ભાવ મળે, ઓછા પાણીની જરૂરિયાત.
૪. પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યનું રક્ષણ, પોષણ અને સંવર્ધન.
૫. ગામમાં અને દેશમાં સ્વાવલંબનનું નિર્માણ થાય.

**પ્રાકૃતિક કૃષિની જરૂરીયાત ઉભી થવાના કારણો :**

- રાસાયણિક દવા અને ખાતરનો પુષ્કળ ઉપયોગ તેમજ મનુષ્ય, પ્રાણી અને જમીનનું કથળતું જતું સ્વાસ્થ્ય.
- પાક ઉત્પાદનોમાં સતત થતો ઘટાડો.
- ખેતી ખર્ચમાં થતો સતત વધારો.
- જમીનમાં સેન્દ્રિય કાર્બનનું ઘટતું જતું પ્રમાણ.
- ખેડુત મિત્ર એવા અળસિયા, બેક્ટેરિયા અને ફુગની કાર્યક્ષમતામાં થતો ઘટાડો.
- વધારે પડતાં સિંચાઈના પાણીની માંગ ઉપરાંત પાણીની ગુણવત્તામાં થતો ઘટાડો.

પ્રાકૃતિક કૃષિ એ ભારતની વારસાગત ખેતી છે, દેશના આઝાદી સમયમાં પૂરા ભારત ખંડમાં લગભગ બધે પ્રાકૃતિક કૃષિ જ થતી હતી. આ ખેતીનો મુખ્ય હેતુ જળ, જમીન અને હવાને પ્રદૂષિત કર્યા વગર અન્ન ઉત્પાદિત કરીને લોકોનું ભરણપોષણ કરવાનો છે.

**માર્ગદર્શન :** ડો. એન. બી. જાદવ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, જૂ.કૃ.યુ., જૂનાગઢ.
ડો. એચ. સી. છોડવડીયા, સહવિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી

**સંકલન :** શ્રી વી. એમ. સાવલીયા, વૈજ્ઞાનિક
શ્રી ડી. એન. હડીયા, ખેતીવાડી અધિકારી
શ્રી એ. એમ. ગામીત, ખેતીવાડી અધિકારી
ડો. એચ. આર. વદર, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ખાપટ. ફોન નં. : ૯૪૦૮૯ ૦૩૦૬૨

DOSHI PRESS JND. - M 94262 36256, 94264 42264

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

જૂ.કૃ.યુ., ખાપટ, જીલ્લો - પોરબંદર - ૩૬૦ ૫૭૯.




## પ્રાકૃતિક કૃષિના આધારસ્તંભ




# જાન્યુઆરી ૨૦૨૪

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|
| ૧ માગશર વદ પાંચમ | ૨ માગશર વદ છઠ્ઠ | ૩ માગશર વદ સાતમ | ૪ માગશર વદ આઠમ | ૫ માગશર વદ નોમ | ૬ માગશર વદ દશમ | ૭ માગશર વદ એકાદશી |
| ૮ માગશર વદ બારસ | ૯ માગશર વદ તેરસ | ૧૦ માગશર વદ ચૌદશ | ૧૧ માગશર વદ અમાસ | ૧૨ પોષ સુદ એકમ | ૧૩ પોષ સુદ બીજ | ૧૪ પોષ સુદ ત્રીજ |
| ૧૫ પોષ સુદ પાંચમ | ૧૬ પોષ સુદ છઠ્ઠ | ૧૭ પોષ સુદ સાતમ | ૧૮ પોષ સુદ આઠમ | ૧૯ પોષ સુદ નોમ | ૨૦ પોષ સુદ દશમ | ૨૧ પોષ સુદ એકાદશી |
| ૨૨ પોષ સુદ બારસ | ૨૩ પોષ સુદ તેરસ | ૨૪ પોષ સુદ ચૌદશ | ૨૫ પોષ સુદ પૂનમ | ૨૬ પોષ વદ એકમ | ૨૭ પોષ વદબીજ | ૨૮ પોષ વદ ત્રીજ |
| ૨૯ પોષ વદ ચોથ | ૩૦ પોષ વદ ચોથ | ૩૧ પોષ વદ પાંચમ | | | | ૧૪-મકરસંક્રાંતી<br>૨૬-પ્રજાસત્તાક દિન |

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

જૂ.કૃ.યુ., ખાપટ, જીલ્લો - પોરબંદર - ૩૬૦ ૫૭૯.




# બીજામૃત

**બીજામૃત બનાવવાની સામગ્રી :**

- દેશી ગાયનું તાજું છાણ : ૫ કિલો
- દેશી ગાયનું ગૌમૂત્ર : ૫ લીટર
- પલાળેલો ચુનો : ૫૦ ગ્રામ
- પાણી : ૨૦ લીટર
- સજીવ માટી : ૧ મુઠ્ઠી

**બીજામૃત બનાવવાની પદ્ધતિ : (૧૦૦ કિ.ગ્રા. બીજ માટે)**

જણાવેલ બધી જ વસ્તુઓને પાણીમાં ભેળવીને ૨૪ કલાક સુધી રાખો. દિવસમાં બે વખત લાકડીથી હલાવો. ત્યાર પછી આ બીજામૃત વડે બીજ માવજત કરો. પછી બીજને છાયામાં સુકવીને, સુકાય ગયા પછી વાવણી કરો. બીજ માવજત કરેલા બિયારણો જલ્દીથી અને વધારે પ્રમાણમાં ઉગે છે. છોડ જમીનજન્ય રોગોથી બચી જાય છે. તેમજ ઝડપથી વૃદ્ધિ વિકાસ પામે છે.

## ફેબ્રુઆરી ૨૦૨૪

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|
| | | | ૧ પોષ વદ છઠ્ઠ | ૨ પોષ વદ સાતમ | ૩ પોષ વદ આઠમ | ૪ પોષ વદ નોમ |
| ૫ પોષ વદ દશમ | ૬ પોષ વદ એકાદશી | ૭ પોષ વદ બારસ | ૮ પોષ વદ તેરસ | ૯ પોષ વદ ચૌદશ | ૧૦ મહા સુદ એકમ | ૧૧ મહા સુદ બીજ |
| ૧૨ મહા સુદ ત્રીજ | ૧૩ મહા સુદ ચોથ | ૧૪ મહા સુદ પાંચમ | ૧૫ મહા સુદ છઠ્ઠ | ૧૬ મહા સુદ સાતમ | ૧૭ મહા સુદ આઠમ | ૧૮ મહા સુદ નોમ |
| ૧૯ મહા સુદ દશમ | ૨૦ મહા સુદ એકાદશી | ૨૧ મહા સુદ બારસ | ૨૨ મહા સુદ તેરસ | ૨૩ મહા સુદ ચૌદશ | ૨૪ મહા સુદ પૂનમ | ૨૫ મહા વદ એકમ |
| ૨૬ મહા વદ બીજ | ૨૭ મહા વદ ત્રીજ | ૨૮ મહા વદ ચોથ | ૨૯ મહા વદ પાંચમ | | | |

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**

જૂ.કૃ.યુ., ખાપટ, જીલ્લો - પોરબંદર - ૩૬૦ ૫૭૯.




# જીવામૃત : દુનિયાનું શ્રેષ્ઠ ખાતર

**જીવામૃત બનાવવા માટેની સામગ્રી :**

| | |
|---|---|
| દેશી ગાયનું તાજું છાણ | : ૧૦ કિલો |
| દેશી ગાયનું ગૌમૂત્ર | : ૮ થી ૧૦ લીટર |
| દેશી ગોળ | : ૧–૧.૫ કિલો |
| ચણાનો લોટ | : ૧–૧.૫ કિલો |
| વૃક્ષ નીચેની માટી | : ૫૦૦ ગ્રામ |

**જીવામૃતનો ઉપયોગ :**

- જીવામૃતને મહિનામાં એક અથવા બે વખત જરૂરીયાત અનુસાર ૨૦૦ લીટર પ્રતિ એકરના પ્રમાણથી પીયતના પાણી સાથે આપો.
- ફળ ઝાડના વૃક્ષનો બપોરના ૧૨ વાગ્યે તેનો પડછાયો પડે તે પડછાયાની કિનારી ઉપર પ્રતિ વૃક્ષ ૨ થી ૫ લીટર જીવામૃત મહિનામાં ૧ થી ૨ વખત આપો. જીવામૃત આપતી વખતે જમીનમાં ભેજ હોવો જરૂરી છે.

**જીવામૃત બનાવવાની રીત :**

- એક ૨૦૦ લીટરનું બેરલ લ્યો. તેને છાયામાં રાખી ૧૮૦ લીટર પાણી ભરો.
- તેમાં જણાવ્યા મુજબની બધી ચીજવસ્તુઓ નાખો અને દ્રાવણ તૈયાર કરો.
- આ દ્રાવણને લાકડીના ડંડા વડે ઘડીયાળના કાંટાની દિશામાં દરરોજ ૫ મીનીટ સવારે અને ૫ મીનીટ સાંજે જેટલા દિવસમાં જીવામૃત તૈયાર થાય તેટલા દિવસ સુધી હલાવો.
- આ રીતે જીવામૃત ગરમીની ઋતુમાં ૨૪ થી ૪૮ કલાકમાં તેમજ ઠંડીની ઋતુમાં ૪ થી ૫ દિવસ સુધીમાં તૈયાર થઈ જશે.

**ફાયદા :**

- જમીનની ભેજસંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો કરે છે.
- રાસાયણિક ખાતરનો ખર્ચ ઘટે છે અને જમીનમાં પોષક તત્વોની ઉપલબ્ધી વધે છે.

## માર્ચ ૨૦૨૪

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|
| ૮-મહાશીવરાત્રી<br>૨૫-ધુળેટી<br>૨૯-ગુડ ફ્રાઈડે | | | | ૧<br>મહા વદ છઠ્ઠ | ૨<br>મહા વદ છઠ્ઠ | ૩<br>મહા વદ સાતમ |
| ૪<br>મહા વદ આઠમ | ૫<br>મહા વદ નોમ | ૬<br>મહા વદ દશમ | ૭<br>મહા વદ બારસ | ૮<br>મહા વદ તેરસ | ૯<br>મહા વદ ચૌદશ | ૧૦<br>મહા વદ અમાસ |
| ૧૧<br>ફાગણ સુદ એકમ | ૧૨<br>ફાગણ સુદ બીજ | ૧૩<br>ફાગણ સુદ ચોથ | ૧૪<br>ફાગણ સુદ પાંચમ | ૧૫<br>ફાગણ સુદ છઠ્ઠ | ૧૬<br>ફાગણ સુદ સાતમ | ૧૭<br>ફાગણ સુદ આઠમ |
| ૧૮<br>ફાગણ સુદ નોમ | ૧૯<br>ફાગણ સુદ દશમ | ૨૦<br>ફાગણ સુદ એકાદશી | ૨૧<br>ફાગણ સુદ બારસ | ૨૨<br>ફાગણ સુદ તેરસ | ૨૩<br>ફાગણ સુદ તેરસ | ૨૪<br>ફાગણ સુદ ચૌદશ |
| ૨૫<br>ફાગણ સુદ પૂનમ | ૨૬<br>ફાગણ વદ એકમ | ૨૭<br>ફાગણ વદ બીજ | ૨૮<br>ફાગણ વદ ત્રીજ | ૨૯<br>ફાગણ વદ ચોથ | ૩૦<br>ફાગણ વદ પાંચમ | ૩૧<br>ફાગણ વદ છઠ્ઠ |


# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

જૂ.કૃ.યુ., ખાપટ, જીલ્લો - પોરબંદર - ૩૬૦ ૫૭૯.




# ઘન જીવામૃત

**ઘન જીવામૃત બનાવવાની પદ્ધતિ :**

જ્યારે ખેડૂત પાસે વધારે ગોબર હોય અથવા જીવામૃત બનાવ્યા પછી જે પણ ગોબર વધે તેને જમીન ઉપર પાથરો અને ભેજ ઉડવા દો. પછી તેને ધોકા વડે બારીક પાવડર કરી લો. અને ૧૦૦ કીલો આવા પાવડરમાં ૧૦ લીટર જીવામૃત ભેળવીને એક ખૂણામાં રાખી દો. તેની ઉપર શણનો કોથળો ઢાંકી દો. તેમાં આથો આવવાથી જીવાણુઓની સંખ્યા વધી જશે. અને તડકે સૂકવ્યા પછી તેનો સંગ્રહ કરો. આ ઘન જીવામૃત ૬ મહીના સુધી બગડતું નથી. તેને ખેતરમાં વાવણી પહેલા ડી.એ.પી. ની જેમ પાયાના ખાતર તરીકે નાખી દો. તેને ખેતરમાં ૯૦૦ થી ૧૦૦૦ કીલો પ્રતિ એકર અથવા થોડા વધારે ઓછા પ્રમાણમાં વાપરી શકાય છે.

## એપ્રિલ ૨૦૨૪

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|
| ૧ ફાગણ વદ સાતમ | ૨ ફાગણ વદ આઠમ | ૩ ફાગણ વદ નોમ | ૪ ફાગણ વદ દશમ | ૫ ફાગણ વદ એકાદશી | ૬ ફાગણ વદ બારસ | ૭ ફાગણ વદ તેરસ |
| ૮ ફાગણ વદ અમાસ | ૯ ચૈત્ર સુદ એકમ | ૧૦ ચૈત્ર સુદ બીજ | ૧૧ ચૈત્ર સુદ ત્રીજ | ૧૨ ચૈત્ર સુદ ચોથ | ૧૩ ચૈત્ર સુદ પાંચમ | ૧૪ ચૈત્ર સુદ છઠ્ઠ |
| ૧૫ ચૈત્ર સુદ સાતમ | ૧૬ ચૈત્ર સુદ આઠમ | ૧૭ ચૈત્ર સુદ નોમ | ૧૮ ચૈત્ર સુદ દશમ | ૧૯ ચૈત્ર સુદ એકાદશી | ૨૦ ચૈત્ર સુદ બારસ | ૨૧ ચૈત્ર સુદ તેરસ |
| ૨૨ ચૈત્ર સુદ ચૌદશ | ૨૩ ચૈત્ર સુદ પૂનમ | ૨૪ ચૈત્ર વદ એકમ | ૨૫ ચૈત્ર વદ એકમ | ૨૬ ચૈત્ર વદ બીજ | ૨૭ ચૈત્ર વદ ત્રીજ | ૨૮ ચૈત્ર વદ ચોથ |
| ૨૯ ચૈત્ર વદ પાંચમ | ૩૦ ચૈત્ર વદ છઠ્ઠ | | | | ૧૦-ચેટીચાંદ<br>૧૧-રમઝાન ઈદ<br>૧૪-ડો. આંબેડકર જયંતિ | ૧૭-રામનવમી<br>૨૧-મહાવીર જયંતિ |


# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

જૂ.કૃ.યુ., ખાપટ, જીલ્લો - પોરબંદર - ૩૬૦ ૫૭૯.




# આચ્છાદન (મલ્ચિંગ) ધરતીની ચાદર

- પાકમાં વચ્ચેની ખુલ્લી જમીનને ઢાંકવી : ઘઉંનું કુંવળ, બાજરીનું વધારાનું ભૂસુ.
- એક દળી સાથે દ્વિ દળી પાકોનું વાવેતર કરવું.
- જેનાથી જમીનનો ભેજ જળવાઈ રહે અને ઓછા પિયતની જરૂર પડે.
- જમીનમાં હ્યુમસનું પ્રમાણ વધે છે. જેથી છોડનો વિકાસ સારો થાય છે.
- જમીનના હજારો સુક્ષ્મ બેક્ટેરીયા, જીવાણું, અળસિયાને ખોરાક મળે છે.

**વાફસા :**

- માટીના બે કણ વચ્ચેની જગ્યામાં ૫૦ ટકા હવા તથા ૫૦ ટકા પાણીની વરાળ એટલે વાફસા.
- પાકને પાણીની નહીં ભેજની જરૂર છે.

**મિશ્ર પાક :**

- જમીનમાં એક જ પાક ન કરતા જુદા જુદા પાકોનું મિશ્રણ વાવવું જેનાથી કોઈ એક પાકનું નુકશાન તો બીજા પાકનું વળતર મળી રહે અને એકાદ પાકનો ભાવમાં ફેરફાર રહે તો પણ બેલેન્સ રહે.

## મે ૨૦૨૪

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|
| | | ૧<br>ચૈત્ર વદ આઠમ | ૨<br>ચૈત્ર વદ નોમ | ૩<br>ચૈત્ર વદ દશમ | ૪<br>ચૈત્ર વદ એકાદશી | ૫<br>ચૈત્ર વદ બારસ |
| ૬<br>ચૈત્ર વદ તેરસ | ૭<br>ચૈત્ર વદ ચૌદશ | ૮<br>ચૈત્ર વદ અમાસ | ૯<br>વૈશાખ સુદ એકમ | ૧૦<br>વૈશાદ સુદ ત્રીજ | ૧૧<br>વૈશાખ સુદ ચોથ | ૧૨<br>વૈશાખ સુદ પાંચમ |
| ૧૩<br>વૈશાખ સુદ છઠ્ઠ | ૧૪<br>વૈશાખ સુદ સાતમ | ૧૫<br>વૈશાખ સુદ આઠમ | ૧૬<br>વૈશાખ સુદ આઠમ | ૧૭<br>વૈશાખ સુદ નોમ | ૧૮<br>વૈશાખ સુદ દશમ | ૧૯<br>વૈશાખ સુદ એકાદશી |
| ૨૦<br>વૈશાખ સુદ બારસ | ૨૧<br>વૈશાખ સુદ તેરસ | ૨૨<br>વૈશાખ સુદ ચૌદશ | ૨૩<br>વૈશાખ સુદ પૂનમ | ૨૪<br>વૈશાખ વદ એકમ | ૨૫<br>વૈશાખ વદ બીજ | ૨૬<br>વૈશાખ વદ ત્રીજ |
| ૨૭<br>વૈશાખ વદ ચોથ | ૨૮<br>વૈશાખ વદ પાંચમ | ૨૯<br>વૈશાખ વદ છઠ્ઠ | ૩૦<br>વૈશાખ વદ સાતમ | ૩૧<br>વૈશાખ વદ આઠમ | | ૧૦-પરશુરામ જયંતિ |

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**
જૂ.કૃ.યુ., ખાપટ, જીલ્લો - પોરબંદર - ૩૬૦ ૫૭૯.




## હ્યુમસ એટલે શું ?

- હ્યુમસ એક કાર્બનિક ખાતર છે જે તેની કુદરતી સ્થિતિમાં કોઈપણ પ્રકારની જમીનમાં કુદરતી રીતે થાય છે.
- હ્યુમસ એટલે વનસ્પતિ અને ઘાસના પાંદડા વગેરે સડી જમીનમાં બનતો પદાર્થ.
- જે જમીનનો ઓર્ગેનિક કાર્બન વધારવામાં મદદરૂપ થાય છે.
- જમીનની ઉપરના ભાગમાં (૪ થી ૫ ઈંચ) હ્યુમસ નિર્માણ થતા ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે.

### હ્યુમસ નિર્માણ ક્યારે થાય ?

- હ્યુમસના નિર્માણમાં કુદરતી મલ્ચિંગ (જેમાં વેલાવાળા શાકભાજી, ધાન્ય પાકના પરાળ, કઠોળ પાકના પાંદડા–ડાળી વિગેરે) અને દેશી ગાયનું છાણ મહત્વનો ભાગ ભજવે છે.
- એમાં જીવામૃત આપવાથી આ બેક્ટેરીયાની કામગીરી ડબલ થાય છે. માટે હ્યુમસ નિર્માણ જરૂરી છે.

## જૂન ૨૦૨૪

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|
| ૧૭-બકરી ઈદ | | | | | ૧ વૈશાખ વદ નોમ | ૨ વૈશાખ વદ એકાદશી |
| ૩ વૈશાખ વદ બારસ | ૪ વૈશાખ વદ તેરસ | ૫ વૈશાખ વદ ચૌદશ | ૬ વૈશાખ વદ અમાસ | ૭ જેઠ સુદ એકમ | ૮ જેઠ સુદ બીજ | ૯ જેઠ સુદ ત્રીજ |
| ૧૦ જેઠ સુદ ચોથ | ૧૧ જેઠ સુદ પાંચમ | ૧૨ જેઠ સુદ છઠ્ઠ | ૧૩ જેઠ સુદ સાતમ | ૧૪ જેઠ સુદ આઠમ | ૧૫ જેઠ સુદ નોમ | ૧૬ જેઠ સુદ દશમ |
| ૧૭ જેઠ સુદ એકાદશી | ૧૮ જેઠ સુદ એકાદશી | ૧૯ જેઠ સુદ બારસ | ૨૦ જેઠ સુદ તેરસ | ૨૧ જેઠ સુદ ચૌદશ | ૨૨ જેઠ સુદ પૂનમ | ૨૩ જેઠ વદ બીજ |
| ૨૪ જેઠ વદ ત્રીજ | ૨૫ જેઠ વદ ચોથ | ૨૬ જેઠ વદ પાંચમ | ૨૭ જેઠ વદ છઠ્ઠ | ૨૮ જેઠ વદ સાતમ | ૨૯ જેઠ વદ આઠમ | ૩૦ જેઠ વદ નોમ |

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**

જૂ.કૃ.યુ., ખાપટ, જીલ્લો - પોરબંદર - ૩૬૦ ૫૭૯.




# ખેડૂતનો ખરો મિત્ર અળસીયુ

**દેશી અળસીયાના લક્ષણો :**

- દેશી અળસીયુ માટી જ ખાય છે.
- અનુકૂળ વાતાવરણ ન મળે તો બીજે જતું રહે અથવા જમીનમાં નીચે સુષુપ્ત અવસ્થા ધારણ કરી લે છે.
- દેશી અળસીયા જુદા-જુદા તાપમાનમાં પણ કામ કરી શકે છે.
- અળસીયા ૨૪ કલાકની અંદર ૭ વખત જમીનમાં ઉપર આવે છે અને બીજા માર્ગેથી નીચે જાય છે. આમ કુલ ૧૪ છીદ્રો બનાવે છે. જેનાથી હવાની અવર-જવર ભરપુર પ્રમાણમાં થાય છે.
- જમીનમાં રહેવાવાળા દેશી અળસીયા ફક્ત જમીનમાં નાઈટ્રોજનનો સ્થિરીકરણ કરે છે એટલું જ નહીં તે ઉપરાંત જમીનના ભૌતિક ગુણધર્મમાં નોંધપાત્ર સુધારો કરે છે. પ્રાકૃતિક કૃષિ પધ્ધતિમાં દેશી અળસીયાઓની ભુમિકા બહુ જ મહત્વપૂર્ણ હોય છે.

## જુલાઈ ૨૦૨૪

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|
| ૧ જેઠ વદ દશમ | ૨ જેઠ વદ એકાદશી | ૩ જેઠ વદ બારસ | ૪ જેઠ વદ ચૌદશ | ૫ જેઠ વદ અમાસ | ૬ અષાઢ સુદ એકમ | ૭ અષાઢ સુદ બીજ |
| ૮ અષાઢ સુદ ત્રીજ | ૯ અષાઢ સુદ ત્રીજ | ૧૦ અષાઢ સુદ ચોથ | ૧૧ અષાઢ સુદ પાંચમ | ૧૨ અષાઢ સુદ છઠ્ઠ | ૧૩ અષાઢ સુદ સાતમ | ૧૪ અષાઢ સુદ આઠમ |
| ૧૫ અષાઢ સુદ નોમ | ૧૬ અષાઢ સુદ દશમ | ૧૭ અષાઢ સુદ એકાદશી | ૧૮ અષાઢ સુદ બારસ | ૧૯ અષાઢ સુદ તેરસ | ૨૦ અષાઢ સુદ ચૌદશ | ૨૧ અષાઢ સુદ પૂનમ |
| ૨૨ અષાઢ વદ એકમ | ૨૩ અષાઢ વદ બીજ | ૨૪ અષાઢ વદ ત્રીજ | ૨૫ અષાઢ વદ પાંચમ | ૨૬ અષાઢ વદ છઠ્ઠ | ૨૭ અષાઢ વદ સાતમ | ૨૮ અષાઢ વદ આઠમ |
| ૨૯ અષાઢ વદ નોમ | ૩૦ અષાઢ વદ દશમ | ૩૧ અષાઢ વદ એકાદશી | | | | ૧૭-મોહરમ |

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**

જૂ.કૃ.યુ., ખાપટ, જીલ્લો - પોરબંદર - ૩૬૦ ૫૭૯.




# નિમાસ્ત્ર

**નિમાસ્ત્ર બનાવવાની સામગ્રી :**

- લીમડાના પાનની ચટણી : ૫ કિલોગ્રામ
- દેશી ગાયનું ગૌમૂત્ર : ૫ લીટર
- ગાયનું તાજુ ગોબર : ૧ કિલોગ્રામ
- પાણી : ૧૦૦ લીટર

**નિમાસ્ત્ર બનાવવાની પદ્ધતિ તથા ઉપયોગ :**

- ૫ કિલો લીમડાના લીલા પાન લો અથવા ૫ કિલો લીંબોળી લો અને પાન અથવા લીંબોળીને ખાંડીને રાખી મૂકો.
- ૧૦૦ લીટર પાણી લો અને તેમાં ખાંડીને તૈયાર કરેલી ચટણીને ઉમેરો.
- હવે તેમાં ૫ લીટર ગૌમૂત્ર નાખો અને ૧ કિલો દેશી ગાયનું ગોબર નાખી ભેળવી દો.
- લાકડી વડે તેને હલાવો અને ઢાંકીને ૪૮ કલાક સુધી મૂકી રાખો. યાદ રાખો આ મિશ્રણને દિવસમાં ૩ વખત હલાવવાનું છે અને ૪૮ કલાક પછી તેને કપડાથી ગાળી લેવાનું છે.
- હવે આ દ્રાવણનો પાણી ઉમેર્યા વગર જ પાક ઉપર છંટકાવ કરી ચૂસીયા પ્રકારની જીવાત અને નાની ઈયળોનું નિયંત્રણ કરી શકાય છે.

## ઓગષ્ટ ૨૦૨૪

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|
| ૧૫-સ્વાતંત્ર્ય દિવસ<br>૧૯-રક્ષાબંધન<br>૨૬-જન્માષ્ટમી | | | ૧ અષાઢ વદ બારસ | ૨ અષાઢ વદ તેરસ | ૩ અષાઢ વદ ચૌદશ | ૪ અષાઢ વદ અમાસ |
| ૫ શ્રાવણ સુદ એકમ | ૬ શ્રાવણ સુદ બીજ | ૭ શ્રાવણ સુદ ત્રીજ | ૮ શ્રાવણ સુદ ચોથ | ૯ શ્રાવણ સુદ પાંચમ | ૧૦ શ્રાવણ સુદ છઠ્ઠ | ૧૧ શ્રાવણ સુદ સાતમ |
| ૧૨ શ્રાવણ સુદ સાતમ | ૧૩ શ્રાવણ સુદ આઠમ | ૧૪ શ્રાવણ સુદ નોમ | ૧૫ શ્રાવણ સુદ દશમ | ૧૬ શ્રાવણ સુદ એકાદશી | ૧૭ શ્રાવણ સુદ બારસ | ૧૮ શ્રાવણ સુદ ચૌદશ |
| ૧૯ શ્રાવણ સુદ પૂનમ | ૨૦ શ્રાવણ વદ એકમ | ૨૧ શ્રાવણ વદ બીજ | ૨૨ શ્રાવણ વદ ત્રીજ | ૨૩ શ્રાવણ વદ ચોથ | ૨૪ શ્રાવણ વદ પાંચમ | ૨૫ શ્રાવણ વદ સાતમ |
| ૨૬ શ્રાવણ વદ આઠમ | ૨૭ શ્રાવણ વદ નોમ | ૨૮ શ્રાવણ વદ દશમ | ૨૯ શ્રાવણ વદ એકાદશી | ૩૦ શ્રાવણ વદ બારસ | ૩૧ શ્રાવણ વદ તેરસ | |

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**

જૂ.કૃ.યુ., ખાપટ, જીલ્લો - પોરબંદર - ૩૬૦ ૫૭૯.




# અગ્નિઅસ્ત્ર

**અગ્નિઅસ્ત્ર બનાવવાની સામગ્રી :**

- દેશી ગાયનું ગૌમૂત્ર : ૨૦ લીટર
- તીખા લીલા મરચાની ચટણી : ૫૦૦ ગ્રામ
- લસણની ચટણી : ૫૦૦ ગ્રામ
- લીમડાના પાનની ચટણી : ૫ કિલોગ્રામ
- તમાકુનો પાવડર : ૧ કિલોગ્રામ

**અગ્નિઅસ્ત્ર બનાવવાની પદ્ધતિ :**

- ઉપરોક્ત સામગ્રીને મિશ્ર કરી આ પૂરા મિશ્રણને લાકડીના ડંડાથી હલાવો અને એક વાસણમાં ધીમા તાપે ઉકાળો.
- ૪ થી ૫ વખત ઉફાણા આવે એટલે નીચે ઉતારો અને ૪૮ કલાક સુધી રાખી મુકો.
- ત્યારપછી તેને કપડા વડે ગાળીને વાસણમાં સંગ્રહ કરો.

**છંટકાવ** : ૧૦૦ લીટર પાણીમાં ૨ થી ૨.૫ લીટર નાખી ખેતી પાકો પર છંટકાવ કરી શકાય.

**સંગ્રહણ ક્ષમતા** : આ મિશ્રણ ૩ મહિના સુધી વાપરી શકાય.

**નિયંત્રણ** : બધા જ પ્રકારની જીવાતો માટે, પ્રકાંડને કોરનાર ઈયળ, ફળોમાં થતી ઈયળ, કળીઓમાં રહેલી ઈયળ, કપાસના કાચા જીંડવામાં થતી ઈયળ અને અન્ય તમામ નાની મોટી ઈયળોનું નિયંત્રણ કરે છે.

## સપ્ટેમ્બર ૨૦૨૪

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|
| ૩૦ ભાદરવા વદ તેરસ | | | | | ૭-સંવત્સરી<br>૭-ગણેશ ચતુર્થી<br>૧૬-ઈદે મિલાદ | ૧ શ્રાવણ વદ ચૌદશ |
| ૨ શ્રાવણ વદ અમાસ | ૩ શ્રાવણ વદ અમાસ | ૪ ભાદરવા સુદ એકમ | ૫ ભાદરવા સુદ બીજ | ૬ ભાદરવા સુદ ત્રીજ | ૭ ભાદરવા સુદ ચોથ | ૮ ભાદરવા સુદ પાંચમ |
| ૯ ભાદરવા સુદ છઠ્ઠ | ૧૦ ભાદરવા સુદ સાતમ | ૧૧ ભાદરવા સુદ આઠમ | ૧૨ ભાદરવા સુદ નોમ | ૧૩ ભાદરવા સુદ દશમ | ૧૪ ભાદરવા સુદ એકાદશી | ૧૫ ભાદરવા સુદ બારસ |
| ૧૬ ભાદરવા સુદ તેરસ | ૧૭ ભાદરવા સુદ ચૌદશ | ૧૮ ભાદરવા સુદ પૂનમ | ૧૯ ભાદરવા વદ બીજ | ૨૦ ભાદરવા વદ ત્રીજ | ૨૧ ભાદરવા વદ ચોથ | ૨૨ ભાદરવા વદ પાંચમ |
| ૨૩ ભાદરવા વદ છઠ્ઠ | ૨૪ ભાદરવા વદ સાતમ | ૨૫ ભાદરવા વદ આઠમ | ૨૬ ભાદરવા વદ નોમ | ૨૭ ભાદરવા વદ દશમ | ૨૮ ભાદરવા વદ એકાદશી | ૨૯ ભાદરવા વદ બારસ |

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**
જૂ.કૃ.યુ., ખાપટ, જીલ્લો - પોરબંદર - ૩૬૦ ૫૭૯.




# બ્રહ્માસ્ત્ર

**બ્રહ્માસ્ત્ર બનાવવાની સામગ્રી :**

- દેશી ગાયનું ગૌમૂત્ર : ૧૦ લીટર
- લીમડાના પાનની ચટણી : ૫ કિલોગ્રામ
- સફેદ ધતુરાના પાનની ચટણી : ૨ કિલોગ્રામ
- સીતાફળના પાનની ચટણી : ૨ કિલોગ્રામ
- કરંજના પાનની ચટણી : ૨ કિલોગ્રામ
- જામફળના પાનની ચટણી : ૨ કિલોગ્રામ
- એરંડાના પાનની ચટણી : ૨ કિલોગ્રામ
- પપૈયાના પાનની ચટણી : ૨ કિલોગ્રામ

**બ્રહ્માસ્ત્ર બનાવવાની પદ્ધતિ :**

- જણાવ્યા મુજબની કોઈપણ પાંચ જાતની વનસ્પતિ લો. તેની ચટણીને ગૌમૂત્રમાં ભેળવીને ઢાંકીને ધીમી આંચ ઉપર ૩ થી ૪ ઉફાણા આવે ત્યાં સુધી રાખો.
- ત્યારબાદ નીચે ઉતારી તેને ૪૮ કલાક સુધી મુકી રાખો.
- પછી કપડા વડે ગાળી તેનો યોગ્ય પાત્રમાં સંગ્રહ કરો.

**છંટકાવ** : આ બ્રહ્માસ્ત્રને ૧૦૦ લીટર પાણીમાં ૨ થી ૨.૫ લીટર ભેળવીને પાક ઉપર છંટકાવ કરો.

**સંગ્રહણ ક્ષમતા** : તેને ૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય.

**નિયંત્રણ** : મોટી ઈયળ, ચૂસીયા જીવાતોનું નિયંત્રણ કરે છે.

## ઓક્ટોબર ૨૦૨૪

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|
| | ૧ ભાદરવા વદ ચૌદશ | ૨ ભાદરવા વદ અમાસ | ૩ આસો સુદ એકમ | ૪ આસો સુદ બીજ | ૫ આસો સુદ ત્રીજ | ૬ આસો સુદ ત્રીજ |
| ૭ આસો સુદ ચોથ | ૮ આસો સુદ પાંચમ | ૯ આસો સુદ છઠ્ઠ | ૧૦ આસો સુદ સાતમ | ૧૧ આસો સુદ આઠમ | ૧૨ આસો સુદ નોમ | ૧૩ આસો સુદ દશમ |
| ૧૪ આસો સુદ એકાદશી | ૧૫ આસો સુદ તેરસ | ૧૬ આસો સુદ ચૌદશ | ૧૭ આસો સુદ પૂનમ | ૧૮ આસો વદ એકમ | ૧૯ આસો વદ બીજ | ૨૦ આસો વદ ત્રીજ |
| ૨૧ આસો વદ પાંચમ | ૨૨ આસો વદ છઠ્ઠ | ૨૩ આસો વદ સાતમ | ૨૪ આસો વદ આઠમ | ૨૫ આસો વદ નોમ | ૨૬ આસો વદ દશમ | ૨૭ આસો વદ એકાદશી |
| ૨૮ આસો વદ એકાદશી | ૨૯ આસો વદ બારસ | ૩૦ આસો વદ તેરસ | ૩૧ આસો વદ ચૌદશ | ૨-ગાંધી જયંતિ<br>૧૨-વિજયા દશમી | ૩૧-સરદાર પટેલ જયંતિ<br>૩૧-દિવાળી | |


# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

જૂ.કૃ.યુ., ખાપટ, જીલ્લો - પોરબંદર - ૩૬૦ ૫૭૯.




# જમીનમાં સેન્દ્રિય કાર્બન વધારવાના ઉપાયો

**જમીનમાં સેન્દ્રિય કાર્બન વધારવાના ઉપાયો**

- સંકલિત પોષણ વ્યવસ્થાપન અપનાવી જમીનની ફળદ્રુપતા વધારવી
- ખેતરના સેન્દ્રિય કચરાનું આચ્છાદન કરવું
- કૃષિ-વાનિકી અપનાવવું
- પાકની ફેરબદલી કરવી અને મિશ્ર પાકનો સમાવેશ કરવો
- જમીનનું લઘુતમ ખેડાણ કરવું
- સંકલિત ખેતી પદ્ધતિ અપનાવવી (પશુપાલન)

## નવેમ્બર ૨૦૨૪

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|
| ૨-નૂતન વર્ષ<br>૩-ભાઈબીજ<br>૧૫-ગુરૂનાનક જયંતિ | | | | ૧<br>આસો વદ અમાસ | ૨<br>કારતક સુદ એકમ | ૩<br>કારતક સુદ બીજ |
| ૪<br>કારતક સુદ ત્રીજ | ૫<br>કારતક સુદ ચોથ | ૬<br>કારતક સુદ પાંચમ | ૭<br>કારતક સુદ છઠ્ઠ | ૮<br>કારતક સુદ સાતમ | ૯<br>કારતક સુદ આઠમ | ૧૦<br>કારતક સુદ નોમ |
| ૧૧<br>કારતક સુદ દશમ | ૧૨<br>કારતક સુદ એકાદશી | ૧૩<br>કારતક સુદ બારસ | ૧૪<br>કારતક સુદ તેરસ | ૧૫<br>કારતક સુદ પૂનમ | ૧૬<br>કારતક વદ એકમ | ૧૭<br>કારતક વદ બીજ |
| ૧૮<br>કારતક વદ ત્રીજ | ૧૯<br>કારતક વદ ચોથ | ૨૦<br>કારતક વદ પાંચમ | ૨૧<br>કારતક વદ છઠ્ઠ | ૨૨<br>કારતક વદ સાતમ | ૨૩<br>કારતક વદ આઠમ | ૨૪<br>કારતક વદ નોમ |
| ૨૫<br>કારતક વદ દશમ | ૨૬<br>કારતક વદ એકાદશી | ૨૭<br>કારતક વદ બારસ | ૨૮<br>કારતક વદ તેરસ | ૨૯<br>કારતક વદ તેરસ | ૩૦<br>કારતક વદ ચૌદશ | |


## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
જૂ.કૃ.યુ., ખાપટ, જીલ્લો - પોરબંદર - ૩૬૦ ૫૭૯.




## દશપર્ણી અર્ક (બધા જ પ્રકારની જીવાત અને ફુગના નિયંત્રણ માટે સર્વોત્તમ)

**દશપર્ણી અર્ક બનાવવાની સામગ્રી :**

- પાણી : ૨૦૦ લીટર, ગૌમૂત્ર ૨૦ લીટર, છાણ : ૨ કિ.ગ્રા.

**દશપર્ણી અર્ક બનાવવાની પદ્ધતિ :**

- પ્રથમ દિવસે આ મિશ્રણને લાકડીથી હલાવીને ૨ કલાક છાયામાં કોથળાથી ઢાંકવું. જેથી જૈવ–રાસાયણીક બંધ તુટી જાય ત્યારબાદ ઉપરોક્ત મિશ્રણમાં ૫૦૦ ગ્રામ હળદરનો પાવડર + ૫૦૦ ગ્રામ આદુની ચટણી + ૧૦ ગ્રામ હીંગનો પાવડર નાખવો.
- આ મિશ્રણ હલાવીને આખી રાત કોથળાથી ઢાંકવું.
- બીજા દિવસે સવારે ઉપરોક્ત મિશ્રણમાં ૧ કિ.ગ્રા. તીખી મરચીની ચટણી + ૫૦૦ ગ્રામ દેશી લસણની ચટણી + ૧ કિ.ગ્રા. તમાકુનો પાવડર નાખી હલાવવું. આ મિશ્રણને ઢાંકીને વરસાદ અને તડકાથી દૂર છાયામાં રાખવું.
- ત્રીજા દિવસ સવારે : (અ) ૧. કડવા લીમડાના પાન સાથેની ડાળીઓની ચટણી, ૨. કરંજના પાન, ૩. સીતાફળના પાન, ૪. ધતુરાના પાન, ૫. એરંડાના પાન, ૬. બિલિપત્ર (બ) ૧. નગોડના પાન, ૨. તુલસી માંજર સાથેના પાન અને ડાળી, ૩. ગલગોટાના પંચાગ, ૪. કારેલાના પાન, ૫. બાવળના પૈડીયા, ૬. આંકડાના પાન, ૭. આંબાના પાન, ૮. જાસુદના પાન, ૯. જામફળના પાન, ૧૦. પપૈયાના પાન, ૧૧. હળદરના પાન, ૧૨. આદુના પાન, ૧૩. કરેણના પાન, ૧૪. દેશી રામ બાવળ, ૧૫. બોરડીના પાન, ૧૬. કુવાડીયાના પાન, ૧૭. સરગવાના પાન, ૧૮. અર્જુન સાદડના પાન, ૧૯. ધા બાજરીયા (હાડવેલ) ના પાન, ૨૦. ગળોની વેલના પાન.

આમ, ઉપરોક્ત ‘અ’ માંથી કોઈપણ પાંચ અને ‘બ’ માંથી કોઈપણ પાંચ એમ કુલ દશ વનસ્પતિના પાંદડા દરેક વનસ્પતિના ૨ કિગ્રા એટલે કે ૨૦ કિગ્રા પાનની ચટણી બનાવી તેને બીજા દિવસે બનાવેલ મિશ્રણમાં ડુબાડો અને ત્રીસથી ચાલીસ દિવસ વરસાદ અને સૂર્યના તાપથી દૂર રાખી રોજ ૫–૫ મિનિટ દિવસમાં બરોબર હલાવો.

**ઉપયોગ :** ૧૫ લીટર પાણી + ૫૦૦ થી ૬૦૦ મીલી દશપર્ણી અર્ક અથવા ૧૦૦ લીટર પાણી + ૩ થી ૪ લીટર દશપર્ણી અર્ક મેળવીને પાક ઉપર છંટકાવ કરવો. આ દશપર્ણી અર્ક ૬ મહિના સુધી વાપરી શકાય છે.

**નિયંત્રણ :** બધા જ પ્રકારની જીવાતો માટે, ઈયળો, થ્રિપ્સનું નિયંત્રણ કરે છે.

# ડીસેમ્બર ૨૦૨૪

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|
| ૩૦ માગશર વદ અમાસ | ૩૧ પોષ સુદ એકમ | | | | ૨૫-નાતાલ | ૧ કારતક વદ અમાસ |
| ૨ માગશર સુદ એકમ | ૩ માગશર સુદ બીજ | ૪ માગશર સુદ ત્રીજ | ૫ માગશર સુદ ચોથ | ૬ માગશર સુદ પાંચમ | ૭ માગશર સુદ છઠ્ઠ | ૮ માગસર સુદ સાતમ |
| ૯ માગશર સુદ આઠમ | ૧૦ માગશર સુદ દશમ | ૧૧ માગશર સુદ એકાદશી | ૧૨ માગશર સુદ બારસ | ૧૩ માગશર સુદ તેરસ | ૧૪ માગશર સુદ ચૌદશ | ૧૫ માગશર સુદ પૂનમ |
| ૧૬ માગશર વદ એકમ | ૧૭ માગશર વદ બીજ | ૧૮ માગશર વદ ત્રીજ | ૧૯ માગશર વદ ચોથ | ૨૦ માગશર વદ પાંચમ | ૨૧ માગશર વદ છઠ્ઠ | ૨૨ માગશર વદ સાતમ |
| ૨૩ માગશર વદ આઠમ | ૨૪ માગશર વદ નોમ | ૨૫ માગશર વદ દશમ | ૨૬ માગશર વદ એકાદશી | ૨૭ માગશર વદ બારસ | ૨૮ માગશર વદ તેરસ | ૨૯ માગશર વદ ચૌદશ |


## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

જૂ.કૃ.યુ., ખાપટ, જીલ્લો - પોરબંદર - ૩૬૦ ૫૭૯.